Male and Female should have equal opportunity for development : Seema Nambiar

એક ફૂડ ચેઈનના સીમા નામ્બિયારે સિટી ભાસ્કર સાથે વાત કરી

# ડેવલપમેન્ટની તકો સ્ત્રી અને પુરૂષો માટે સમાન હોવી જોઇએ : સીમા નામ્બિયાર

'મહિલાઓ ઓફિસમાં પુરૂષો કરતાં વધારે સારી રીતે કામ કરતી હોય છે. કારણ કે, મહિલાઓ મારવાથી લઈને કચરો કાઢવા સુધીના કામમાં પુરૂષો કરતાં મહિલાઓ વધારે એક્સપર્ટ હોય છે.' એક ફુડ ચેઈનના સીમા નામ્બિયારે સિટી ભાસ્કર સાથે વાત કરી હતી.



## કંપનીએ મહિલાઓ માટે સારી પોલિસી બનાવવી જોઇએ

**કંપનીઓમાં મહિલાઓને લઈને ઈશ્યુ ઉભાં થાય છે, તેને તમે કંઈ રીતે જૂઓ છો?**
એક તો કંપની દ્વારા સારી પોલિસી બનાવવી જોઈએ. હમણા સેક્સ્યુલ હેરેસમેન્ટ પોલીસી આવી છે, તેનો સારી રીતે અમલ થવો જોઈએ. મેન્ટરનીટી પોલીસી સારી બનવી જોઈએ, મહિલાઓને આપવી જોઈએ. ડેવલપમેન્ટની તકો પૂરૂષ જેટલી જ સ્ત્રીઓને આપવી જાઈએ.

**મહિલા બોસ તરીકે તમારે કેવી સમસ્યાનો સામનો કરવો પડ્યો છે?**
મારે કોઈ પણ સમસ્યાનો સામનો કરવો પડ્યો નથી. પરંતુ કંપનીએ સાચા માણસને પસંદ કરવો જોઈએ. સ્ત્રી કે છે કે પુરૂષ એવું જોવું જોઈએ નહીં.

**નોકરી કરવામાં તકલીફ પડતી હોવાથી છોકરીઓ બિઝનેસ કરવાનું વિચારે છે?**
નોકરી મેનેજ કરવામાં થોડી તકલીફો પડે છે. હું ઘરની બહાર નિકળી છું એટલે મારા ઘરેથી ફોન આવ્યો કે, 'વોટર ફિલ્ટર ખરાબ થઈ ગયું છે.' તો મહિલાઓને આવી તકલીફો તો આવતી જ રહે છે. બિઝનેસ કરશો કે, નોકરી..! તકલીફો તો સરખી જ રહેશે. બિઝનેસમાં ટાઈમ ઉપર નીચે કરી શકાય છે. જ્યારે નોકરીમાં તેની શક્યતા ઓછી છે.